# शहादत

उन शहीदों की याद में जिन्होंने अपने खून को सींचा :



## शहीदों की याद में

દિન ખૂન કે હમારે, યરોં ન ભૂલ જાના,
ખુશીઓ મેં અપની હમપેં, ઝંડા લહરાતે જાના,
**દિન ખૂન કે...**

સયાદને હમારે, ચુન ચુન કે ફૂલ તોડે :
વીરાન ઈસ ચમન મેં, યક ઝુલ ખિલાતે જાન;
**દિન ખૂન કે...**

ગોલિયાં ખા કે સોએ, જલિયાં કે બાગમેં હમ
સૂની પડી કબરવેં, દીયા જલાતે જાના,
**દિન ખૂન કે...**

હિન્દુ ઔર મુસ્લિમોં કી, હોતી હે આજ હોલી;
બહતે હુએ રૂધિર મેં, દામન ભીગૌ તે જાના;
**દિન ખૂન કે...**

हमे खबर है कि, हम है चिरागे आखिरे शब
हमारे बाद अंधेरा नहीं उजाला है ।

# યાદ તાજી કરીએ !

મહાગુજરાતનું આંદોલન આઠ ઓગસ્ટ, ૧૯૫૬ના રોજ અમદાવાદના વિદ્યાર્થીઓએ શરૂ કર્યું. એટલું જલદ હતું કે, આઠ અને નવ બે જ દિવસમાં બાર યુવાનો ગોળીએ વીંધાઈ ગયા. આ આંકડો જોતજોતામાં ૨૪ પર પહોંચી ગયો. ત્રણ કલોલમાં, બે નડિયાદમાં.

કલ્પો, કેવા હશે એ લોહી ભીના ગુજરાતના દિવસો !!! કેવી હશે પીડા !

ત્યારે ૧૯૫૬ના ઓગસ્ટ પછી કેટલાક આગેવાનોએ એક પુસ્તિકા બહાર પાડી.

આ બધાની તસ્વીરો અને વિગતો આપતી "શહાદત" નામની પુસ્તિકા આહુતિની મોંઘી યાદ છે. આજે પ્રાપ્ય નથી.

ઈન્દુચાચાની પ્રતિમા અને સ્મારકના સમારંભ વેળા અમે એનું પુન:પ્રકાશન કર્યું છે. ભલે આજે સમાજ વિસરી ગયો હોય ! આપણે એને યાદ કરીએ.

જાણવા મળ્યું છે તે ગોળીબારમાં એક શહીદની ખોપરી ઊડીને ગુજરાત કલબના ચોકમાં પડી હતી.

તા. ૧૨-૦૨-૨૦૧૫ સનત મહેતા

વડોદરા

# નિવેદન

નાનકડા સ્વરૂપમાં શહાદતની તવારિખને પુસ્તિકારૂપે આકાર આપવાની અમારી આકાંક્ષા ઘણા સમયથી હતી, પણ તા. ૮ ઓગસ્ટથી ૧૯ ઓગસ્ટ સુધી જે બની ગયું, એની એવી ઘેરી અસર અમારા દિલમાં પડી હતી કે અમે એ વેદનામાં, જે ઝડપથી આ કરવું જોઈતું હતું તેટલી ઝડપથી એ કરી શક્યા નથી.

ઊંડા દુઃખ અને વેદના સાથે બહુ જ ઓછા શબ્દોમાં અમે આ આપીએ છીએ. શહાદતનો ઈતિહાસ 'યાવદ્ચંદ્ર દિવાકરૌ' અમર હોય છે અને એને રજૂ કરવા માટે વાણી કે ભાષા હોતાં નથી. શહાદત પોતે જ એનું કાર્ય કરે છે. આ કાર્ય કરતાં કરતાં શહીદોનાં માતા-પિતા, શહીદોની પત્નીઓ, તેમનાં પુત્ર-પુત્રીઓ અને એમનાં સ્વજનોને મળવાનું જે સદ્ભાગ્ય અમોને મળ્યું છે, તે અમારા માટે જીવનનું ચિરસ્મરણીય પાથેય બની રહેશે. એમની સાથે આ શહીદોની વાતો કરતાં કરતાં અમારાં દિલ રડી ઊઠ્યાં છે, અને એ વેદના અહીં રજૂ કરવાને અમારી પાસે માનસિક સ્વાસ્થ્ય પણ નથી. શહીદોમાં કોઈ માનો એકનો એક લાડકવાયો છે તો કોઈ બહેનનો એકનો એક ભાઈ છે, કોઈ સીમંતીનીનો પતિ છે તો કોઈ વિધવા માતાનો અને વિશાળ કુટુંબનો એકનો એક આધારસ્તંભ છે... પણ આ બધું વ્યક્ત કરવાનું અમારું ગજું નથી. અમે જ્યાં જ્યાં ગયાં ત્યાં લાગણીઓ અને ઘવાયેલા દિલ એટલાં આળાં હતાં કે ત્યાં કોઈ પણ કોને આશ્વાસન આપે તે પ્રશ્ન હતો. અમે તો મૂક વેદના સાથે આ નાનકડી તવારીખ અહીં રજૂ કરીએ છીએ :

અશ્રુભીની આંખે આ નાનકડું નિવેદન આપતાં આ વિગતો આપવા માટે શહીદોના આપ્તજનોના અમે આભારી છીએ.

આ કાર્યની પ્રેરણા અમારા સૌના-મહાગુજરાત વિદ્યાર્થી સમિતિના એકે એક પ્રશ્નમાં જમેણે મુરબ્બી તરીકે માર્ગદર્શન આપ્યું છે અને સહકારનો હાથ હંમેશા લંબાવ્યો છે, એવા શ્રી રતિભાઈ ખુશાલદાસ પટેલનો સપ્રેમ આભાર માનીએ છીએ. અમારી સંકલિત કરેલી વિગતો અને અમારી ભાવનાઓને વ્યવસ્થિત આકાર આપવામાં જે સહકાર ભાઈ શ્રી કાન્તિલાલ હ. પરીખે આપ્યો છે, તેના માટે તેમનો પણ અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. શ્રી રણછોડભાઈ પુરાણીનો મુખપૃષ્ઠના ચિત્ર માટે તથા બ્લોકસ, ફોટા વગેરેનો સહકાર આપવા માટે 'જનસત્તા કાર્યાલય' તથા અન્ય બ્લોકસ તથા ફોટો સ્ટુડિયો વગેરેના પણ આભારી છીએ. 'ગુજરાત ટાઈમ્સ' નડિયાદ અને પટેલ સ્ટુડિયો કલોલના આપેલ બ્લોકસ અને ફોટાની પણ નોંધ લઈએ છીએ...

ટૂંકા ગાળામાં ઝડપથી સુંદર છાપકામ કરી આપવા બદલ ઈલા પ્રિન્ટરીના માલિક શ્રી મુકુન્દકુમાર કે. શાસ્ત્રીનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ કાર્ય પૂરું કરવામાં અમારી પણ મર્યાદાઓ હતી અને જે જે વિગતો અમારે આપવી હતી તે બધી સ્થળસંકોચને કારણે અહીં આપી શકતા નથી એનો અમને સંકોચ છે જે ભાઈઓના ફોટા મળી શકે એમજ નથી, તે તે જગ્યાએ અમે શહીદ દિનના સરઘસ, સભા યા અંજલિ વખતના ફોટાઓ આપવા પ્રયાસ કર્યો છે. જેવો છે તેવો આ પ્રયત્ન અમે નમ્ર રીતે સાદર કરીએ છીએ.

અંતમાં, આ પ્રકાશનને બહાર મૂકવાનો આશય શહીદોના ફંડની ઝોળી ભરી દેવાનો છે. અમને શ્રદ્ધા છે કે, એક એક નાગરિક પોતાની ફરજ ગણી, આ ફાળામાં અવશ્ય કંઈ ને કંઈ આપી ઝોળી છલકાવી દેશે.

અરવિંદ પુરાણી
રજની ચોકસી
રમેશ ચોકસી
કુ. તરલિકા શાહ
કુ. કૌમુદિની પટેલ
(શહીદ સમિતિ)

## શહાદતના આંકડા

**અમદાવાદ**

તા.૮ ઓગસ્ટ : ૭

તા.૯ ઓગસ્ટ : ૫

તા.૧૦ ઓગસ્ટ: ૨

તા.૧૨ ઓગસ્ટ: ૧

તા.૧૪ ઓગસ્ટ: ૧

તા.૧૫ ઓગસ્ટ: ૧

તા.૧૬ ઓગસ્ટ: ૧

તા.૨૬ ઓગસ્ટ: ૧

**કલોલ**

તા.૧૦ ઓગસ્ટ: ૩

**નડિયાદ**

તા.૧૧ ઓગસ્ટ: ૨

કુલ : ૨૪

સિસક રહી ગાંધીકી ધરતી...




પ્રદિપ



# પુનમચંદ વીરચંદ અદાની

**ઉંમર વર્ષ : ૧૬, અમદાવાદ**
**ધંધો : નોકરી, કાપડની દુકાને**

**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

ગુજરાત ૮ ઓગસ્ટને કદી યે ભૂલી શકશે નહીં. આ દિવસે ગુજરાતના ફૂલ શા, દૂધમલ, બાળ કિશોરોને ભરખ્યા અને પહેલી શહીદી ભાઈ પુનમચંદની અપાઈ. પુનમચંદ સામાન્ય ફેરિયામાંથી કાપડની દુકાને પોતાની આર્થિક ભીંસના કારણે નોકરી કરતા. પ્રાયમસ પીન, કાકડા વગેરેની ફેરીમાંથી મહાગુજરાત માટે પ્રથમ શહીદીનું બહુમાન એ મેળવી ગયા. મહાગુજરાતના ઈતિહાસમાં તેમનું નામ અમરત્વ પામશે.

૮ મીની બપોરનો દોઢનો ટકોરો ને એ ઘરેથી નીકળ્યા. માતા, બે ભાઈ, ભાભીઓ અને ભાઈઓના બાળકો બધાની વચ્ચે આ શ્રમજીવી કિશોરને કલ્પના પણ નહીં હોય કે હવે ઘરે પાછા નથી આવવાના. ભર્યા ભર્યા ઘરમાં, ચાર વાગે પાછા ન આવ્યા અને અમદાવાદ ઉપર ત્રાટકેલી આંધીમાં ભાઈ ક્યાં હશે? એની તપાસ શરૂ થઈ. આખી રાત વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, સાબરમતી વગેરે સ્થળે ફરી વળ્યા પણ ક્યાંય પત્તો ન લાગ્યો. સિવિલના શબઘરમાંથી આખરે બીજા દિવસે સવારથી શબ જોવાના આગ્રહ પછી એમના દેહની ભાળ મેળવી શક્યા અને પડેલા શબોમાંથી, શીળીના ચાઠાનો નિશાન ઉપરથી ઓળખી શકશો અને ક્યાંથી ઓળખી શકાય? હત્યારી ગોળીએ એમની ખોપરી ઉડાડી દીધી હતી !

આ શહીદી, સત્ય, અહિંસા અને પ્રેમના પ્રતીક શા અમદાવાદના કોંગ્રેસ ભવનના પ્રાંગણમાં આશરે ૨-૩૦ વાગ્યે થઈ અને વિદ્યાર્થીઓ તથા જનતાનાં દિલ કાંપી ઊઠ્યાં. અમદાવાદની ધરતી શહીદોનાં રક્તથી અંકિત થઈ.

**સરનામું : લહેરી પોળ, ઝવેરીવાડ, તિલકરોડ, અમદાવાદ**



# કૌશિક ઈંદુલાલ વ્યાસ

**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૧૮, અમદાવાદ**

**અભ્યાસ : સેંટ ઝેવિયર્સ કોલેજ પ્રથમ વર્ષ વિજ્ઞાન**

આઠમીની શહાદતના ભાઈ કૌશિક બીજા શહીદ હતા. સ્વરાજ્યની સાધનામાં, અને અસહકારના આંદોલનોમાં ૧૯૩૦થી ૧૯૪૨ સુધી જેના પિતાએ જીવનને સમગ્ર રીતે ઓતપ્રોત કર્યું હતું અને એક સત્યાગ્રાહી તરીકે ઘાવ ઝીલ્યા હતા, તેમનો એકનો એક લાડકવાયો, મહાગુજરાતના પવિત્ર યજ્ઞમાં ગોળીથી હોમાઈ ગયો.

આશરે ૨-૩૦ વાગ્યે કોંગ્રેસ ભવન ઉપર થયેલા ગોળીબારમાં કૌશિક ઘવાયો છે તેના સમાચાર પ્રાપ્ત થતાં, માતાપિતા વા.સા. હોસ્પિટલમાં દોડી ગયા. ઘવાયેલાઓના વોર્ડમાં ફરી વળ્યા. દાક્તરોને મળ્યા, પણ કૌશિક દેખાયો નહીં. છેવટે શબઘરમાં તેમનો લાડકવાયો નજરે પડ્યો. ગોળી કોણી પાસે થઈ પેટમાં વાગી હતી. માતાપિતાની વેદના કેવી હશે તેની કલ્પના તો એકના એક સંતાનના મા-બાપ જ સમજી શકે!

માતા-પિતાનાં ઘવાયેલા હૈયા પાસેથી કૌશિકની વિગતો મેળવતા એમનાં ખિન્ન હૃદયમાંથી જાણે જીવનનો રસ સૂકાઈ ગયો ન હોય તેની પ્રત્યક્ષ પ્રતીતિની અસર અમારા દિલમાં કોતરાઈ રહી છે. વનના આરે પહોંચેલા એવા એકલવાયાં માબાપના ઘા કૌશિક સિવાય કોણ રૂઝવશે? એમની મૂક વેદના જાણે ના બોલતી હોય ‘જિંદગી ખારી થઈ ગઈ છે, જીવવાની ઈચ્છા રહી નથી. અને અમારું તો સર્વસ્વ લૂંટાઈ ગયું છે.’ માતાને આ આઘાતથી હિસ્ટિરીયા થયો છે, અને પિતા કરુણ હૈયે કહે છે, ‘અમે જે મોટું જોયું છે તેનાથી હજુ અમારા દિલની ફડક જતી નથી, અમે રડી શકતાં નથી અને હૃદય ભરાયેલું છે.’

**સરનામું : ઈન્દુભાઈ બળદેવદાસ વ્યાસ, અસારવા, અમદાવાદ**



# સુરેશકુમાર જયશંકર ભટ્ટ

**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૧૭, અમદાવાદ**

**અભ્યાસ : એસ.એસ.સી. ઠાકર્સ હાઈસ્કૂલ**

રમતગમતના શોખીન, નીડર, સેવાભાવી સુરેશકુમાર એમના માતાપિતાનું પ્રથમ સંતાન હતા. હમણાં જ બે માસ પહેલાં મ્યુનિસિપલ સ્નાનાગારમાંથી એમણે એક છોકરાને ડૂબતો બચાવ્યો હતો. તા. ૮મી આવા ઉછળતા કિશોરનું બલિદાન લઈ ગઈ. કોંગ્રેસ હાઉસ આગળ આરંભમાં જે ભેગા થયા એમની સાથે એ નહોતા, પણ ક્યારે ત્યાં જોડાયા અને શું થયું તેની વિગતો કાંઈ જ મળતી નથી. એ એક હકીકત છે કે એમના કપાળને વીંધી કોંગ્રેસભવન આગળ ગોળીએ એમને શહીદ બનાવ્યા.

એમના એક મિત્રે એમના ઘરે દોડી જઈને સમાચાર આપ્યા, “જમણા કાન પાસે ગોળી વાગી છે અને વા.સા. હોસ્પિટલમાં સુરેશને લઈ ગયા છે.” માતા હોસ્પિટલમાં પહોંચી ગઈ, પણ સુરેશને એ મળે તે પહેલાં તો તેમનો આત્મા શહીદીને અમર બનાવી ચાલી નીકળ્યો !

આ નાનકડા કિશોરને જાણે ઈશ્વરી સંકેત થયો હોય તેમ તા. ૬ઠ્ઠીએ એમના ઘરમાં આ શબ્દો પોતે લખીને મૂક્યા હતા, “રે ! પામર મનુષ્ય. તું માયાને છોડી દે જે. માયા એ જ કલ્પના છે. તે કોઈની થવાની નથી કે થશે પણ નહી એટલે તું માયાને તજી શાંતિ મેળવી સુખી થા.”

જાણે તેમની માતા એના પ્રથમસંતાન આ શહીદીનું જે તેજ સાંપડ્યું તેને ઓપ આપતાં ન હોય એમ સ્વાતંત્ર્યદીને બોલ્યાં, “મારા જેવી માતાઓના દિકરાના બલિદાનો એળે ન જાય એ જો જો !”

**સરનામું : સુરેશચંદ્ર જયશંકર ભટ્ટ, દાળિયા બિલ્ડિંગ, ટાઉનહોલ, અમદાવાદ**

# અબ્દુલભાઈ પીરભાઈ

**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૧૭,**
**અમદાવાદ**
**ધંધો : છીપાના કારખાનામાં નોકરી**

અબ્દુલભાઈ એ તા. ૮મીના ચોથા શહીદ છે. આ પણ કોંગ્રેસભવનનું પ્રાંગણ જ હતું અને ગોળી પણ પોલીસની જ હતી. ગોળી એમની છાતી ઉપર સીધી ચોટ મારી સોંસરી નીકળી ગઈ અને એમનો દેહ ઢળી પડ્યો. પ્રચંડ પ્રશસ્ત દેહ મહાગુજરાતના પાયાની ચોથી ઈંટ તરીકે મહાગુજરાતના ઈતિહાસમાં અમર અક્ષરે લખાશે.

એમનો દેહ સિવિલ હોસ્પિટલમાંથી બીજા દિવસે શોધ કરતાં મળ્યો. એક સામાન્ય કુટુંબના મોભ જેવા પોતાની સાવ ઓછી આવકમાં પણ ઘરનો ભાર વહન કરતાં જીવન જીવી રહ્યા હતા. એમના જવાથી ઘરની ખોટ કોઈ પણ રીતે અત્યારના તો પુરાય એવી નથી. આ કુટુંબ અકિંચન છે; એ તો ઘર વિના તાડપત્રીના ઓછાયે રહેતા આ મનુષ્યોને પ્રત્યક્ષ જોઈએ ત્યારે જ સમજાય. આમ, છતાં એમના પિતાએ એક વીર તરીકે તેમની શહાદતને અંજલિ આપી છે અને બોલ્યા છે, **"હજી બીજા ચાર છોકરાઓ છે, જરૂર હશે તો તે પણ મહાગુજરાત માટે આપવા તૈયાર છું."**



તા. ૧૩-૦૮-૧૯૫૬ શહીદોને અંજલિ આપવા નીકળેલું એક સરઘસ



# રાજેન્દ્ર કાન્તિલાલ મહેતા

**મૃત્યુ : તા. ૧૬-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૩૦, અમદાવાદ**

નિવૃત્ત મેજિસ્ટ્રેટ પિતાના ભરયુવાન પુત્ર ભાઈ રાજેન્દ્ર છેક આર.ટી.ઓ.ની ઓફિસ પાસે કોંગ્રેસભવનના આંગણામાંથી છૂટેલી ગોળીના ભોગ બન્યા. આ ગોળી સીધી એમના પેટમાં વાગી, પણ આ યુવાન પેટને દાબી એમના એક પરિચિત દાક્તરના દવાખાને ગયા. કમ્પાઉન્ડરને દાક્તરને બોલાવવા કહ્યું અને જણાવ્યું કે મને પેટમાં ગોળી વાગી છે. આવા હિંમતભર્યા વર્તનથી દાક્તરને આશ્ચર્ય થયું ને માન્યું પણ નહિ, પરંતુ જ્યારે વાત સાચી હતી એમ લાગ્યું ત્યારે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, ત્યાં તાત્કાલિક શસ્ત્રક્રિયા થઈ અને એમના મોંઘા જીવને બચાવી લેવા માટે હોસ્પિટલના નર્સબહેને પોતાનું લોહી આપી, એમને તત્કાળ પૂરતા બચાવી લીધા. શસ્ત્રક્રિયા વખતે ખબર પડી કે અંદરના આંતરડામાં આશરે પચીસ જેટલા છિદ્રો પડ્યાં હતાં. આ બધી સારવારથી એમનો જીવનતંતુ એક સપ્તાહ લંબાયો, પણ... પણ તા.૧૫મીની રાત્રે એ શહીદ બન્યા.

વૃદ્ધ પિતાનું હૈયું કેટલું વલોપાત કરતું હશે એ એમણે 'ઇન્ક્વેસ્ટ' વખતે આપેલા ઉત્તરથી પ્રતીત થાય છે. તેમને પૂછવામાં આવ્યું, "ધંધો શું કરો છો ?" ને એમણે કહ્યું, "ગોળી ખાવાનો."

**સરનામું : સુરદાસ શેઠની પોળ, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ**



# દિલીપકુમાર સારાભાઈ સાયકલવાળા

**મૃત્યુ : તા. ૧૨-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૧૬, અમદાવાદ**
**અભ્યાસ : ધોરણ નવમું**

સુવાસભર્યા, મૃદુ, કોમળ ફૂલશા એક વિધવા માતાનું આ સંતાન પણ કોંગ્રેસભવનના ગોળીબારમાં ચીમળાઈ ગયું. એમને વાગેલી ગોળી પણ પેટમાં જ હતી અને એમના કોઈ સાથીને ઘરનું સરનામું આપી તે ત્યાં જ ઢળી પડ્યા. ગોળીના સમાચાર એમના ભાઈ મહેન્દ્રને મળતાં તેઓ તુરત જ વા.સા. હોસ્પિટલમાં દોડી ગયા અને ભાઈને ઉગારી લેવા માટે લોહી આપ્યું. ચોવીસ કલાકની બેશુદ્ધિ બાદ દિલિપને ભાન આવ્યું કે કંઈક આશા બંધાણી, પણ તા. ૧૨મીએ રાતે, વાગેલી ગોળી ઘાતક નીવડી. વિધવા માતાએ પુત્રની આ વેદનાના દિવસો દરમિયાન ને પછી વ્યથાના ભારમાં કશું ખાધુ ન હતું, પણ માતાનું એ તપ એળે ગયું.

મહાગુજરાતની ધરતી ઉપર કિશોર દિલીપે છઠ્ઠી શહીદ તરીકે પોતાની ખાંભી ખડી કરી.

**સરનામું : માંડવીની પોળ, અમદાવાદ**

# પ્રતાપજી માચાજી


**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૫, અમદાવાદ**
**ધંધો : સ્ટેશન ઉપર પોર્ટર**

અનામી કહી શકાય એવા આ શહીદની ખાસ વિગતો ઉપલબ્ધ નથી. સ્ટેશન ઉપર મજૂરી કરી પ્રામાણિક રીતે પેટિયું કરતાં આ પ્રતાપજીનાં પત્ની અને એમના માતા કલોલ રહેતા અને છ-સાત વર્ષથી અમદાવાદ સ્ટેશને પ્રતાપજી છૂટક મજૂરી કરતા.

એમને પણ કોંગ્રેસભવનમાંથી છૂટેલી પોલીસની ગોળી તા. ૮મીના રોજ વીંધી ગઇ, ત્યાંથી તેમને ખાનગી ગાડીમાં સિવિલ હોસ્પિટલમાં પહોંચાડ્યા. ગોળી એમને બોચીમાં વાગી હતી જે પ્રાણઘાતક નીવડી. મહાગુજરાતની પવિત્ર ભાવનાના એ સાતમા શહીદ બન્યા.

ગરીબાઈ આમ તો એમના જીવનને વીંટાળીને પડેલી હતી પણ એમના જવાથી એમની મા અને યુવાન પત્ની અસહાય બની બેઠા છે.



**તા. ૦૮-૦૯-૧૯૫૬ : શહીદદિનનું વિરાટ સરઘસ**

**ગોળીબારના વિરોધમાં સ્ત્રીઓનું સરઘસ.**



# ગોવિંદસ્વામી તિરુમનસ્વામી

**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

**ધંધો : મધ્યસ્થ સરકારમાં નોકરી**
**અમદાવાદ**

મદ્રાસના એક પ્રજાજન તા. ૬ઠ્ઠી ઓગસ્ટે અમદાવાદમાં આવ્યા હતા, ત્યાં તો તા. ૮મીએ લાલ દરવાજા ઉપર ગોળીના ભોગ બન્યા. મા ગુર્જરીના લાડકવાયા અને અન્ય પ્રાંતના પ્રજાજનો એ સૌ આખરે તો ભારતીય છે અને ભાઈ ગોવિંદસ્વામી ગુજરાતની ભૂમિ ઉપર શહીદ બન્યા એ એમના માટે કેવું રોમાંચક છે!

આ શહીદની સેંકડો માઈલ દૂર બેઠેલી કોડીલી પત્ની કમળાને પોલીસની ગોળી કેવી રીતે આશ્વાસન મોકલી શકશે? અને આવા શહીદના અમર સંભારણાં જોગ વિગતો કોણ પહોંચાડશે? એમની આર્થિક સ્થિતિ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી કોણ ઉઠાવશે? એમની આ શહાદતના મૂલ્ય એળે નહીં જાય એવી અમને શ્રદ્ધા છે.



# પોપટલાલ મોહનલાલ પંચાલ


**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૧૯, અમદાવાદ**
**ધંધો : નોકરી**

ફૂટતી યુવાનીના પગથિયે ઉભેલા આ યુવાન વીરમગામ તાલુકાના માંડલ મહાલના ઢેડાસણા ગામના વતની હતા. મા-ભદ્રકાળીનાં દર્શનાર્થે 'એર ઈન્ડિયા' ઓફિસ પાસેથી મિરજાપુર રોડ ઉપરથી જતો હતો ત્યાં ચાલુ પોલીસવાનમાંથી ગોળીઓ છૂટી ને પોપટલાલ શહીદ બન્યા. આ ગોળીઓમાંથી પહેલી ગોળી એમની સાથેના એમના મિત્રની હાથની આંગળીઓમાં વાગી અને પોતે જે બાજુ જતા હતા ત્યાં તો એમની જમણી આંખ ઉપર લમણામાં અને ગળામાં એમ ત્રણ-ત્રણ ગોળીઓથી એ વીંધાઈ ગયા. કેટલું કરુણ અને કંપાવનારું ત્રણ ત્રણ ગોળીઓથી વિંધાતુ આ મૃત્યુ છે! આ શહીદી તા. ૮મીની છે. રાત્રે સાડા અગિયાર વાગ્યે સિવિલ હોસ્પિટલમાં એ ચિરશાંતિને પામ્યા.

સ્વાવલંબી જીવન, પોતે નોકરી કરતા, રાત્રિશાળામાં રાત્રે અંગ્રેજીનો અભ્યાસ કરતા આ ઉગતા યુવાનના અરમાનો આ ત્રણ ત્રણ ગોળીએ ઉડાવી દીધા. એમની વિધવા માતાની વ્યથાનો અહીંયાં ક્યા શબ્દોમાં ઉલ્લેખ કરીએ?

**સરનામું : સનરાઈઝ એન્જિનિયરિંગ વર્ક્સ, તિલક રોડ, અમદાવાદ**



# કાંતિલાલ ફુલજી પરમાર

**મૃત્યુ : તા. ૦૯-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૨, અમદાવાદ**
**ધંધો : નોકરી**

નાનકડા દસ વર્ષના ભાઈને કંઈક થશે તો નહીં? એ ચિંતામાં સ્ટેશન બાજુ ભાઈની ભાળ કાઢવા જતા તા. ૯મીએ તિલકરોડ ઉપર ઓરિએન્ટલ બિલ્ડિંગની પાસેથી પસાર થતાં માથામાં ગોળી ઝીંકાઈ અને ઢળી પડ્યા. આરી-ભરતનું દસ વર્ષની ઉંમરે કામ કરી પેટિયું ભરતા ફૂલ જેવા નિર્દોષ બાળકને ક્યાંથી ખબર પડે કે એની ચિંતા કરતો એનો મોટો ભાઈ પોલીસની ગોળીએ દેવાઈ ગયો છે.

કાંતિલાલના ખિસ્સામાંથી સદ્ભાગ્યે 'વોશિંગ કંપની'નું બિલ નીકળ્યું અને એમનું શબ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાંથી એમના ન્યાતના માણસો લઈ ગયા. સૌરાષ્ટ્રના સરવડા ગામના, ચલાણા પાસેના વતની આ શહીદના વૃદ્ધ માતા-પિતા જે વતનમાં છે એમનું દુઃખ, એમની વ્યથા અને કલ્પાંતનું શું વર્ણન કરવું? મહાગુજરાતની શહાદતના આ દસમા શહીદ એમની પાછળ ખૂબ કરુણ, અતિ કરુણ કૌટુંબિક અવદશાના ઓળા મૂકતાં ગયા છે. ઈશ્વર સૌનો છે.




# હામીદહુસેન ગુલામહુસેન મોમિન

**મૃત્યુ : તા. ૦૯-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૨, અમદાવાદ**
**ધંધો : મિલમાં નોકરી,**
**સાડીઓની ડિઝાઈન ચિત્રકામ, છાપાની ફેરી**

મિલની નોકરી, ડિઝાઈનનું ચિત્રકામ અને છાપાની ફેરી આ ત્રિવિધ વ્યવસાયમાં બાવીસ વર્ષની નાનકડી ઉંમરે બસો કમાતા આ મુસ્લિમ શહીદ તા. ૯મી એ સવારે છાપા લેવા ઘેરથી બહાર નીકળ્યા હતા. છાપા વેચી નિયમ પ્રમાણે સાડા આઠ વાગ્યે નહીં આવતા અને અગિયાર વાગ્યે જમવા નહીં આવતાં એમના સ્વજનોએ શોધખોળ શરૂ કરી, પણ એ તો હવે ધીરે પાછા આવવાના હતા જ નહીં. તે દિવસે આશરે સાડા અગિયાર વાગ્યે તિલક રોડ ઉપર ગોળીના ભોગ બન્યા. માથામાં જમણી બાજુએ વાગી હતી અને તરત જ ઢળી પડ્યા હતા. કમનસીબે હોસ્પિટલમાં ખોટું નામ હોવાના કારણે એમના બાપને કશી ભાળ મળી નહીં અને છેક બીજા દિવસે શબઘરમાંથી બાપે બેટાનો દેહ ઓળખ્યો. હામીદ હુસેનના હાથમાં વીંટી અને ઘડિયાળ હતાં, તેનો પણ પત્તો લાગ્યો નથી.

**સરનામું : ગુલામહુસેન છગનભાઈ મોમિન જમાલપુર, મોમનાવાડ, અમદાવાદ**



# હરિલાલ ઠાકરશી વ્હોરા


**મૃત્યુ : તા. ૦૯-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૩, અમદાવાદ**
**ધંધો : નોકરી**

આ પણ તિલક રોડ ઉપર થયેલા ગોળીબારના શહીદ છે. એક પરિચિત શાકવાળાની બંધ દુકાનમાં પાણી પીવા પાછળ બારણેથી અંદર જઈ બેઠા અને બીડી પીવા, દીવાસળી માગી. નિયતીનો ક્રમ અગમ્ય છે ને પોલીસની ગોળીએ દુકાનનું બારણું વીંધીને આ ૨૪ વર્ષના યુવાનની ખોપરી ભાંગી નાખી. સિવિલ હોસ્પિટલમાં તરત જ ખસેડાયા, પણ એમનો પ્રાણ તો પરવરી ગયો હતો. મોટાભાઈને સમાચાર મળતાં, હોસ્પિટલમાં પહોંચી ગયા ને બપોરના ૧૨થી રાતના ૯ વાગ્યા સુધી નિષ્પ્રાણ શબની પ્રતિક્ષા કરતા બેઠા. બીજા દિવસે તેમની સ્મશાનયાત્રામાં જોડાનાર કહે છે કે તેમના શબમાંથી છેક અગ્નિસંસ્કાર સુધી લોહી વહેતું હતું.

સૌરાષ્ટ્રના વતની, માતા-પિતાનો લાડકવાયો, મહાગુજરાતના પગથારે શહીદ બન્યો. માતાપિતાની વ્યથા અને કલ્પાંત વિશે તો શું કહેવું? એમને સાત સાત દિવસ સુધી અન્ન લીધું નથી. મહાગુજરાત આવી શહીદીથી ઉજળું બન્યું છે.

**સરનામું : જૂના મહાજનવાડાના નાકે, અમદાવાદ.**



# ચંપકલાલ શંકરલાલ સોની


**મૃત્યુ : તા. ૦૯-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૦, અમદાવાદ**
**ધંધો : સોનીનો**

ત્રણ ભાઈની ત્રિપુટીમાં મા-બાપના સૌથી નાના પુત્ર, રાયપુર કામેશ્વરની પોળ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યાં લગભગ સાડા દસ વાગ્યે ગોળી આવી અને ઢળી પડ્યા. તેમના ભાઈને સમાચાર મળતાં ખાનગી મોટરમાં વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં લઈ ગયા. ઘવાયેલો આ જીવ મોટરમાં લોહી નીકળતાં નીકળતાં પણ ભાઈને કહે છે, "બાપુને પજવીશ નહીં અને બાપુને આઘાત લાગે તેવી રીતે ખબર આપીશ નહીં." આ યુવાને હોસ્પિટલમાં કેસ પણ જાતે જ લખાવ્યો અને વાતો કરતાં કરતાં જાણે મૃત્યુને ભેટે તેમ થોડા જ વખતમાં વિદાય થયા.

લગભગ એક જ કલાકમાં આ બધું પતી ગયું, પણ તેમનું શબ છેક રાત્રે નવ વાગ્યે મળ્યું. આ નાનકડો ઈતિહાસ મહાગુજરાતના તેરમા શહીદનો છે. એમના કુટુંબની સ્થિતિ ઘણી સામાન્ય અને ગરીબ છે.

**સરનામું : ચંપકલાલ શંકરલાલ સોની : ગલિયારાની પોળ, રાયપુર-અમદાવાદ**



# વિષ્ણુપ્રસાદ છગનલાલ શાસ્ત્રી

**મૃત્યુ : તા. ૦૯-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૬, અમદાવાદ**
**ધંધો : નોકરી**

વિધિની વક્રતાને કારણે આ શહીદના અંગો, ઉપાંગોને ખોડ હતી અને પોતે અપંગ એવી સ્થિતિમાં પણ જિંદગીનો પુરુષાર્થ ખેડતા હતા. વિધવા માતાને એ એક રીતે આશ્વાસન બની રહ્યા હતા.

તા. ૯મીએ ગાંધી માર્ગ ઉપર, મામુનાયકની પોળના નાકે, આશરે સાંજના ચાર વાગ્યે ગોળી આવી અને હૃદયની આરપાર નીકળી ગઈ, વિષ્ણુપ્રસાદ ત્યાં ને ત્યાં ઢળી પડ્યા. એમની પાછળ ભીંત હતી એટલે આરપાર નીકળેલી ગોળીએ ભીંતમાં ત્રણ ઈંચનો ખાડો પાડ્યો. ઢળી પડેલા વિષ્ણુભાઈની પાસે કોઈ જાય તે પહેલાં તો એમને એમ્બ્યુલન્સમાં વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. અપંગ જેવા હોવા છતાં પણ હિંમત, પારકાનું કામ કરવાની વૃત્તિ અને પુરુષાર્થ તેમનામાં હતાં. આવા શરીરે પણ સેવા સમાજ વગેરે સંસ્થાઓમાં યથાશક્તિ વર્ષો સુધી એમણે પોતાની સેવાઓ આપી છે. વિધવા માતા આ પુત્રને એની અપંગતાને કારણે એક ઘડિયે વિખૂટો ન રહે એમ પળે પળે ઈચ્છતી... પણ વિષ્ણુપ્રસાદ શહીદ બન્યા અને માતાને ગૌરવ અપાવી પરવર્યા.

**સરનામું : ભાલચંદ્ર છગનલાલ શાસ્ત્રી, મામુનાયકની પોળ, કાળુપુર, અમદાવાદ**



# સુરેન્દ્ર રાઘેલાલ પટેલ

**મૃત્યુ : તા. ૧૬-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૦, અમદાવાદ**
**ધંધો : ઓટોરિક્ષા રિપેરિંગ**

માત્ર બે જ માસ પહેલાં પિતાનું અવસાન થયું ને એમના દિલમાં એ અવસાનનું દુઃખભર્યું છે, ત્યાં તો તા. ૧૦મી એ ગોળી પર ગોળી વછૂટી ને ભાઈ સુરેન્દ્રને વાગી, આરપાર નીકળી ગઈ. આજ ગોળીએ એમની બાજુમાં ઉભેલા ભાઈ ગોવિંદ નામના કિશોરને વીંધ્યો અને ત્રીજા એક નાના બાળકની જાંઘ પર પણ ઈજા કરતી ગઈ.

કરફ્યુના કારણે મુશ્કેલીથી રિક્ષા મેળવી. લાંબા રસ્તે વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં ખસેડાયા. ચાર કલાકની શસ્ત્રક્રિયા બાદ આશા હતી કે સુરેન્દ્ર બચી જશે, પણ તા. ૧૬મીએ વહેલી સવારે, હાલત બગડી અને આઠ વાગ્યે મૃત્યુ થયું.

બે જ માસના ગાળામાં પૌત્ર અને પુત્ર ગુમાવનાર માતાની વેદનાને ક્યા શબ્દોમાં અહીંયાં મૂર્ત કરવી? પણ શહાદત ગમે તેવા અકિંચન અને સામાન્ય માનવીને પણ આવા ઘેરા ઘા ઝીલવાનું સામ્થ્ર્ય આપે છે, કારણ કે, એ પવિત્ર છે.

**સરનામું : ભાનુભાઈ રાઘેલાલ પટેલ, રજપૂત વાડા, કડવા પોળ, દરિયાપુર, અમદાવાદ.**



# ગોવિંદ શંકર નાઈ

**મૃત્યુ : તા. ૧૦-૦૮-૧૯૫૬**


**ઉંમર વર્ષ : ૧૨, અમદાવાદ**
**ધંધો : હજામતની દુકાને નોકરી**

વિજાપુર તાલુકાના, પલિયડ પાસેના બોરુ ગામનો આ બાર વર્ષનો ગભરૂ કિશોર, અમદાવાદમાં સગાની દુકાને ફેરા આંટા અને હજામતનું કામ કરીને માસિક રૂ. ૨૦ મેળવતો હતો. ઘર આગળ જ, ગોળીએ આ બાળકને વિંધી નાખ્યો. ગોળી જમણી બાજુની છાતીમાંથી, ડાબી બાજુના બરડામાં છેક નીકળી ગઈ અને ગોવિંદ ત્યાં જ ઈશ્વર શરણ થયો.

ગરીબ કુટુંબનું, આ રાંક રતન એની ૨૦ રૂ. આવકમાં પણ કુટુંબની આશાનું કિરણ હતું. શહીદ સુરેન્દ્રને જે ગોળીએ વીંધ્યો તે જ ગોળી ગોવિંદને પણ ભરખતી ગઈ. માત્ર બાર જ વર્ષની કાચી ઉંમરે માતાનું સુખ, આ ગભરૂ શહીદે ગુમાવ્યું હતું.

દૂરદૂરના ગામડે બેઠેલ પિતાએ આર્થિક ટેકા સમી લાકડી ગુમાવી અને નાનકડો પુત્ર ગુમાવ્યો. એમના દિલની હાય એ હવે ક્યાં જઈને ઠારશે? પણ દુ:ખથી યે શહાદત તો ઉંચે રહે છે.

**સરનામું : નાઈ શંકરલાલ છગનલાલ, મુ. : બોરુ, તા. : વીજાપુર, પોસ્ટ : પલિયડ**



# વાસુદેવ મણિલાલ વસા

**મૃત્યુ : તા. ૦૮-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૩૭, અમદાવાદ**
**ધંધો : મિલમાં નોકરી**

૭૬ વર્ષના પિતા, ૬૦ વર્ષની માતા, બે નાનાં બાળકો અને ગર્ભવતી પત્ની - એ સૌનો એક માત્ર આધાર, ભાઈ વાસુદેવ ૧૦મીના દિવસે ઘીકાંટા રોડ ઉપર પસાર થતાં ત્રણ બત્તી નજીક, ગોળીએ વિંધાયા. ગોળી વાગતાં તે જ ક્ષણે મૃત્યુ પામ્યા.

આમ તો એમની આર્થિક સ્થિતિ નબળી હતી અને આ ઉંમરે પણ એમનાં માતા બોબીન ઉપર રેશમના દોરા ભરી ઘરખર્ચમાં મદદ કરે છે. આવા આ કુટુંબને માટે વાસુદેવના વિલય પછી માતા-પિતા, બાળકો અને એમની પત્નીનો રોજબરોજનો પોષણનો આ પ્રશ્ન વિચારતાં કોનું દિલ હાલી નહીં ઊઠે? ૭૬ વર્ષના પિતા અને વૃદ્ધ માતા કઈ આશાએ આ ભરખાઈ ગયેલા કુટુંબને જીવાડવા મથતાં હશે? મહાગુજરાતના પાયામાં શહીદ વાસુદેવ તો પુરાઈ ગયા પણ એમનું કુટુંબ ને બાળકો મહાગુજરાતની ધરતી ઉપર એ શહાદતનો સંદેશ જીવંત રાખવા ફૂલની માફક જળવાય એ કોણ નહીં ઈચ્છે ?

મહાગુજરાત આ શહાદત નહીં ભૂલે.

**સરનામું : મણિલાલ મોતીલાલ વસા, લાલપોળ, હનુમાન પોળમાં, કડવા પોળ, દરિયાપુર, અમદાવાદ.**



# જયંતિલાલ હરિવલ્લભદાસ પંડ્યા


**મૃત્યુ : તા. ૧૪-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૪૨, અમદાવાદ**
**ધંધો : નોકરી**


તા. ૧૪મીએ ગાંધી માર્ગ ઉપર મામુનાયકની પોળની પાસે સાઈકલ ઉપર પસાર થતાં જયંતીલાલને પોલીસની ગોળીએ વીંધી નાખ્યા. ગોળી વાગતાં ત્યાં જ એ પટકાઈ ગયા. આ બ્રાહ્મણ પુત્ર સવારે જમ્યા વિના જ ઘરેથી નીકળ્યા હતા અને પોતાનું કામ પતાવી ઘરે પરત જતાં એ વધેરાઈ ગયા. જીવનની કરૂણા અને મહત્તા તો એ છે કે મૃત્યુ સમયે એમના અંતિમ શબ્દો આ હતા, “મારી પાછળ ઘીનો દીવો કરજો.”

એમની સ્મશાન યાત્રામાં ખૂબ મોટી સંખ્યામાં અમદાવાદની જનતા સામેલ હતી અને ‘ શ્રીરામ ’ના ઉચ્ચારણની સાથે અમેની શહાદતને બિરદાવી હતી.

પત્ની, બે પુત્રો અને પુત્રી સાથે આ નાનકડું પણ સુવાસભર્યું કુટુંબ જીવનનો આનંદ જ્યારે માણી રહ્યું હતું ત્યારે વિધિએ કુટુંબના સ્તંભસમા જયંતિલાલને શહીદ બનાવી ઉંચકી લીધા. જયંતિલાલ એક સામાજિક કાર્યકર, ધર્મનિષ્ઠ, મૂક સેવાભાવી સજ્જન હતા. આ શહાદતથી ગુજરાત ગરવું બન્યું છે.



**સરનામું : વિદ્યાબહેન જે. પંડ્યા, ઘર નં. ૨૨૯, ઘાસીરામની પોળ, અમદાવાદ**



## જીતસિંગ હંસાસિંગ

**મૃત્યુ : તા. ૨૬-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૪૮, અમદાવાદ**
**ધંધો : નોકરી**

અમદાવાદની ધરતી ઉપર નોંધાયેલી શહાદતના ભાઈ જીતસિંગ છેલ્લા શહીદ છે. ૨૩ વર્ષથી અમદાવાદને પોતાની જન્મભોમ માની વસેલા આ હિમાલય બાજુના પહેરગીરનો જીવન દીપક તા. ૨૬મીએ લાલદરવાજા ઉપર ગોળી વાગવાથી બુઝાયો. કુટુંબની છ વ્યક્તિઓનો આ આધારસ્થંભ તૂટી પડ્યો છે. પત્ની, એક પુત્ર, એક પુત્રી, નાનકડો ભત્રીજો અને ભાભી એ સેંકડો માઈલથી અમદાવાદમાં આવી વસેલા હવે એમના જીવનનિર્વાહ માટે કોની ઉપર મીટ માંડશે?



# શનાભાઈ સોમાભાઈ પ્રજાપતિ

**મૃત્યુ : તા. ૧૦-૦૯-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૦, કલોલ**
**ધંધો : નોકરી**

અમદાવાદના ગોળીબારથી ઉકળી ઉઠેલું સમગ્ર ગુજરાતનું હૃદય ઠેર ઠેર આંસુ સારી રહ્યું હતું. મહાગુજરાતના સોણલાં હૈયામાં ભરી કલોલની જનતા એકઠી મળી હતી અને અહીં પણ પોલીસની ગોળીએ શનાભાઈની છાતીને વીંધી નાખી. મિલમાં નોકરી કરતા આ ભાઈ, ઘરના ઓટલે ઉભા હતા ત્યાં જ શહીદ બન્યા. અહીંયા પણ ગોળીઓ ગાંધીજીની અહિંસક ભાવનાના પ્રતીક શા ગાંધી ચોકમાંથી છૂટી હતી.

ત્રણ જ દિવસ બાદ શનાભાઈની પત્નીનું સીમંત હતું. કેવી આ કરુણા છે કે માતાના ઉદરમાં આકાર લેતું બાળક પિતાને શહીદ થતાં જાણે શું વિચારતું હશે? સીમંતી પત્નીનું હૈયું તો વલોપાતથી ઝૂરે છે. એમના એકના એક ભાઈ મગજની અસ્થિરતાને કારણે બેસી રહે છે અને પિતાના મૃત્યુ પછી આમ ઘરનો એક માત્ર કમાનાર મોભી આમ ઘરના આંગણામાં જ ઢળી પડ્યો.

કલોલમાં આ શહાદતની એવી ઘેરી અસર છે કે એકેએક પ્રજાજનનું દિલ કકળી રહ્યું છે. ગામ આ શહાદતનું ચિરંજીવી સ્મરણ ઉભું કરવા વિચારી રહ્યુ છે. માતાનું કલ્પાંત કદીયે ભૂલાય એવું નથી.

# ગનીભાઈ અલીભાઈ સૈયદ

**ઉંમર વર્ષ : ૧૮, કલોલ**

**ધંધો : મજૂરી**

**તા. ૦૮-૦૯-૧૯૫૬ને દિને નીકળેલું સરઘસ**




ગાંધી ચોકની ઉત્તરે આવેલ તળાવ તરફથી, દિશાએ જઈને પાછા આવતાં ગનીભાઈને ગાંધી ચોકમાંથી છૂટેલી ગોળીએ ઢાળી દીધા. સુસવતી ગોળી સીધી પેટને વીંધી, આગળ ચાલી ગઈ અને ગનીભાઈ પેટ પર હાથ દબાવી નજીકમાં આવેલી એક સંબંધીની દુકાને ગયા... પણ ત્યાં માત્ર એટલું જ બોલી શક્યા, "મને ગોળી વાગી". ને એ લથડી પડ્યા. તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા ને રાત્રે નવ વાગ્યે તેમનું મૃત્યુ થયું. એમના શબને છેક બીજા દિવસે સાડા દસ વાગ્યે એમના સ્વજનોને સોંપાયું.

ગનીભાઈના આ દિલ કંપાવનારા મૃત્યુથી એમના ભાઈ ચાર દિવસ બેશુદ્ધ રહ્યા અને બહેનને દરરોજ પાણી ભરતાં ભરતાં એ તળાવની પાળે એ જ સ્થળે લાડીલા ભાઈનું સ્મરણ ઉમેરાય છે અને એ આંસુ સારે છે.

ગામ લોકોએ એમની શહીદીને ચિરંજીવી બનાવવા ખાંભી ખડી કરી છે અને શહીદોને વંદે છે.

મહાગુજરાતની શહીદીમાં આ ત્રીજા મુસ્લિમ શહીદ છે.



# શાંતિલાલ ચંદુલાલ નાયક

**મૃત્યુ : તા. ૧૧-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૧૪, કલોલ**
**અભ્યાસ : શ્રેણી ૬**

દાદા, દાદી, પિતા, માતા અને ચાર બહેનોનો એકનો એક લાડકવાયો શાંતિ, અમદાવાદના શહીદીના સમાચાર છાપામાં વાંચી વહેલી પરોઢિયે માતાને કહે છે, "જો હું શહીદ થાઉં તો કેવું રૂડું?" પિતાએ મંદિર જતાં જતાં સાથે આવતા ભાઈ શાંતિને ઘેર પાછા જવા કહ્યું, પણ આ નાનકડા વીર શહીદનું ચિત્ત ઘરે આવીને પણ શાંત ન બન્યું અને "હું ઝાંપે બેઠો છું." એમ માતાને કહી નીકળી પડ્યો. ગાંધી ચોકમાં એકઠી થયેલી, માનવમેદનીની ભીંસથી અકળાયેલા એક વૃદ્ધ બબડતા, નાસતા જતા હતા. આ જોઈ કિશોરે કહ્યું, "નાસો છો શું? મહાગુજરાત માટે તો ગોળી ખાવી પડે તો પણ શું?" અને એમ કહેતો કહેતો શાંતિ એ તરફ ગયો, ત્યાં તો વીંઝાતી ગોળીએ, શહીદ ગનીભાઈના પેટ સોંસરી નીકળી નીચાણમાં ઉભેલા શાંતિની ખોપરીને વીંધી નાખી. શાંતિને ઉપાડીને હોસ્પિટલમાં લઈ જતા ભાઈની સામે પોલીસે બંદૂક ધરી. પેલા ભાઈ આ હત્યારા ગોળીબારથી ઉકળી ઊઠ્યા અને કહ્યું કે, "લે માર ગોળી !" પણ પોલીસ ઝંખવાણો પડી ઊભો રહ્યો ને શાંતિને પેલા ભાઈ હોસ્પિટલમાં લઈ ગયા, પણ શાંતિ તો શહીદ બની ચૂક્યો હતો.

નાનકડા આ શહીદની શહાદત જાણે એના દિલમાંથી જાગી, મા ગુર્જરીના ચરણે ઢળી પડવા સ્વયં જાણે ન નીકળી પડી હોય તેવું આપણને કહી જાય છે.

મહાગુજરાતની શહાદતની તવારિખનું આ પાનું જ્વલંત ઈતિહાસનું એક અમર પ્રકરણ બની રહેશે. મા ગુર્જરીના એકે એક સપૂતનું માથું આ શહાદત આગળ મૂક ભાવે નમી પડે છે.



# રણછોડભાઈ રૂપસિંગ પરમાર

**મૃત્યુ : તા. ૧૧-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૨૨, નડિયાદ**
**ધંધો : પાનની દુકાન**

ચરોતરના પ્રાણ જેવા નડિયાદમાં તા. ૧૧મીના રોજ આશરે બપોરના બાર વાગ્યે સરઘસ નીકળ્યું. દુકાનો બંધ થઈ અને સરઘસ આગળ વધ્યું. મહાગુજરાતના પોકારો સાથે અને અમદાવાદમાં થયેલા ગોળીબારના દુઃખથી વ્યગ્ર નડિયાદની જનતા કોંગ્રેસ ભવન આગળ એકઠી મળી હતી. લોકોની વેદના કંઈ વાચા પકડે ન પકડે ત્યાં કોંગ્રેસ ભવનના આંગણામાંથી ગોળી આવી અને રણછોડભાઈના માથાને વીંધી નાખ્યું, એ ત્યાં જ મૃત્યુ પામ્યા. એમના દેહને 'મિશન હોસ્પિટલ'માં ખસેડવામાં આવ્યો હતો, જ્યાંથી રાત્રે એક વાગ્યે એમના પિતાને શબ સોંપાયું. ગોળીબારની જાણ એમના પિતાને લગભગ સાડા ચાર વાગ્યે થઈ અને હોસ્પિટલમાં ગયા, પણ કમનસીબ પિતાને સાત વાગ્યા સુધી પુત્રનો દેહ જોવા ન મળ્યો. પિતાનો આઘાત એટલો બધો હતો કે બેશુદ્ધ થઈ ગયા.



પાનની નાની હાટડી ચલાવતા આ બાવીસ વર્ષના યુવાનની શહાદતથી આખુ કુટુંબ તારાજ બને છે અને બાપની વેદનાનો કંઈ પાર નથી. કુટુંબનું ખર્ચ એ વૃદ્ધ પિતા માટે અતિ વિકટ પ્રશ્ન થઈ પડ્યો છે.

**સરનામું : રૂપસિંગ અમથાજી પરમાર ભુમશી ફળિયું, પીજ ભાગોળ, નડિયાદ.**



# અરવિંદભાઈ રાવજીભાઈ પટેલ

**મૃત્યુ : તા. ૧૧-૦૮-૧૯૫૬**

**ઉંમર વર્ષ : ૧૬, નડિયાદ**
**ધંધો : અભ્યાસ**

તા. ૧૧મીના રોજ નડિયાદ કોંગ્રેસ ભવનમાંથી છૂટેલી ગોળીના બીજા શહીદ ભાઈ અરવિંદ બન્યા. શહીદ રણછોડભાઈને ઢળી પડતા આ પહેલાં એમણે જોયા હતા અને સ્હેજ પાછા ફરતાં જ તેમની પીઠમાં ગોળી ઝીંકાઈ. મિશન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા ત્યારે જે છોકરો એમને ઉંચકતો હતો તેને એમણે કહ્યું, "મને નકામો માર્યો છે." હોસ્પિટલમાં જ્યારે એમને દાખલ કર્યા ત્યારે ડોક્ટરને કહ્યું, "મને સારું છે. પહેલાં પેલા ભાઈને માથામાં વાગ્યું છે તેમની પહેલી કાળજી લો." આ ૧૬ વર્ષના કિશોરને કલ્પનાય નહોતી કે રણછોડભાઈ તો ક્યારના ય મૃત્યુ પામ્યા છે!

પિતાનું એકનું એક સંતાન હતા. માતા તો એમના પહેલાં સ્વર્ગવાસી થયા છે. પિતા રોજ નડિયાદથી ગાડીમાં અમદાવાદ આવ-જા કરે છે અને મિલમાં નોકરી કરે છે. આ કમનસીબ દિવસે જ્યારે મોડી સાંજે એ નડિયાદ પહોંચે છે ત્યારે પુત્રની શહાદતના સમાચાર જાણી સ્તબ્ધ બને છે.

એ એકલવાયા હવે પાછળ આશ્વાસન પણ કોણ આપશે?

પ્રકાશક :
**શ્રમિક વિકાસ સંસ્થા**
sanat.mehta55@gmail.com
"અંત્યોદય ભવન" રેલ્વે પોલિસ પરેડ ગ્રાઉન્ડ સામે,
રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧ (ગુજરાત)
ફોન : ૦૨૬૫-૨૪૨૩૨૮૨, ૨૪૩૯૬૨૭
ફેક્સ : ૨૪૨૦૮૩૮